અપીલ અરજી નં.૪૪૧/૪૪૩ તા.૧૬–૩–૧૦

અરજદારઃ– શ્રી ગડમવાર દિપ્તેશ મનોહર

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિ તી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગડમવાર દિપ્તેશ મનોહરની તા.૧૨–૧–૧૦ તથા તા.૧૯–૧–૧૦ ની અરજીથી (૧) સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધી ન.પ્રા.શિક્ષણ સમિતિ, સુરત તરફથી વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત કઈ કઈ તારીખે અને કયા કયા વર્તમાન પત્રમાં બહાર પાડી હતી તેમજ જે તે વર્ષમાં કેટલીવાર જાહેરાતો બહાર પાડવામાં આવી હતી તે તમામ જાહેરાતોની કોપી પુરી પાડવા બાબત વિ.મુદ્દા નં.૧થીપ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૧/૪૪૩/૨૦૦૯–૧૦

શ્રી ગડમવાર દિપ્તેશ મનોહરની તા.૧૨–૧–૧૦ તથા તા.૧૯–૧–૧૦ ની અરજીથી (૧) સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધી ન.પ્રા.શિક્ષણ સમિતિ, સુરત તરફથી વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત કઈ કઈ તારીખે અને કયા કયા વર્તમાન પત્રમાં બહાર પાડી હતી તેમજ જે તે વર્ષમાં કેટલીવાર જાહેરાતો બહાર પાડવામાં આવી હતી તે તમામ જાહેરાતોની કોપી પુરી પાડવા બાબત વિ.મુદ્દા નં.૧ થીપ ની માહિતી આપવા બાબતે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ના પત્ર નં.જા.નં.૨૦૨ તા.૧૦–૨–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની તા.૧૨–૧–૧૦ તથા તા.૧૯–૧–૧૦ ની માહિતી માંગતી અરજીની વિગતો સરખી હોય તથા અરજદાર અને જાહેર માહિતી અધિકારી એક જ હોય બંને અરજીઓ એકત્રિત કરી જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજી નં.૪૪૧ અને ૪૪૩ ના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૮૩ ,૧૪૮૨ તા.૨૩–૩–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિ તી અધિકારી (ન.પ્રા.શિ.સ.) થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની તથા તા.૧૯–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી પ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.૨૦૨ થી તા.૧૦–૨–૧૦ ની આઈ ડી નં. ક્રમાંક ૨૯૦/૧૪૦ તા.૧૮–૧–૧ ૦ ના અનુસંધાને મુદ્દા નં.૧ થી પ ની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૧૬–૩–૧૦ ના રોજ મુદ્દા નં.૨,૩ અને ૪ ની માહિતી અસ્પષ્ટ અધૂરી અને અસંગત અને ફોર્મેટમાં આપેલ નથી જયારે મુદ્દા નંપ માં ફોર્મેટમાં પૂરી પાડવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં. (૧) સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધી ન.પ્રા.શિક્ષણ સમિતિ, સુરત તરફથી વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત કઈ કઈ તારીખે અને કયા કયા વર્તમાન પત્રમાં બહાર પાડી હતી તેમજ જે તે વર્ષમાં કેટલીવાર જાહેરાતો બહાર પાડવામાં આવી હતી તે તમામ જાહેરાતોની કોપી પુરી પાડવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિદ્યાસહાયક ભરતીની વર્તમાનપત્રમાં આપેલ જાહેરાત જે રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે તેની જ માહિતી આપવામાં આવે છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અરજદારે રસીદ નં.૩૬૬૧ તા.૧૯–૨–૧૦ થી રૂા.૧૫૬/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. (૨) ન. પ્રા. શિ.સ. સુરત તરફથી જે તે વર્ષમાં બહાર પાડેલ જાહેરાતો ગુજરાત સરકારશ્રીના અથવા પ્ર થમિક શિક્ષણ નિયામકશ્રીના કયાં કયાં હુકમથી ધારાધોરણોથી અને નિતિ નિયમોથી (જી.આર.) થી તેમજ સમિતિના કચેરીના વખતોવખતના સુધારા વધારા સાથેની ઠરાવોની તમામ નકલો પૂરી પાડવા બાબત. તેવા પ્રશ્ન બાબતે ન.પ્રા.શિ.સ. તરફથી મળેલા હુકમોની તથા જી. આર. નિયમોનુસારનું રેકર્ડનું ઈન્સ્પેકશન કરવાનું જણાવવામાં આવેલ છે. અરજદારે ઈન્સ્પેકશન મેળવેલ છે કે કેમ? તેવી માહિતી બંને પક્ષકારો પૈકી કોઈએ પણ પુરું પાડેલ નથી. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ ની અસ્પષ્ટ, અધૂરી અને અસંગત છે જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશનમાં તક આપવામાં આવેલ છે. ૩. સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધીમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે જે તે વર્ષના ન. પ્રા.શિ.સ. સુરતની કચેરી તરફથી શું ન્યાયીક કાર્યવાહી /પ્રયત્નો કરવામાં આવ્યા તેમજ અગાઉની ભરતી પ્રક્રિયાની જાહેરાતો કેન્સલ કરેલ હતી કે કેમ? તેનો હેતુ દર્શાવતો સ્પષ્ટ અભિપ્રાય સાથેનું ખલાસો આપતું પ્રમાણપત્ર આપવા બાબત.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિદ્યા સહાયક ભરતીની પ્રક્રિયા પ્રા. શિ. નિયામકની સુચના અને સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન કરવાનું હોય આવું પ્રમાણપત્ર આપી શકાય નહીં. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે બાબતે અરજદારે અધૂરી માહિતી અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ મુદ્દા નં.૩ માં માંગવામાં આવેલ અભિપ્રાય કે ખુલાસાઓ ની માંગણી આરટીઆઈ એકટ સાથે સુસંગત નથી. મુદ્દા નં.૪ તા.૩૧–૮–૦૯ ની સ્થિતિએ મરાઠી માધ્યમની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ તથા કામ કરતાં શિક્ષકોની સંખ્યા તેમજ મહેકમ મુજબ હાલ વધ/ઘટ શિક્ષકોની કેટેગરી વાઈઝ ઘટની સંખ્યાની માહિતી નીચે મુજબના કોઠામાં આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે કોઠા–૧ માં રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે તે માહિતી આપવામાં આવે છે. કોઠા–૨ ની માહિતી અંગે તા.૨૨–૧૨–૦૯ ના રોજ વિધસ સહાયક ભરતીની વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવી છે. જેમાં મરાઠી માધ્યમના ઘટના શિક્ષકોની માહિતી દર્શાવવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારનો કોઠા મુજબનો આગ્રહ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈના કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે) મુજબ કચેરી દફતરે જે સ્વરૂપમાં માહિતી ઉપલબ્ધ હોય તે સ્વરૂપમાં માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તથા કલમ–૭(૯) હેઠળ સામાન્ય રીતે અરજદારે માંગેલ પ્રકારે માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પરંતુ જાહેર સત્તા મંડળના નાણાકીય સ્ત્રોત બદલાય કે રેકર્ડ જાળવણીને હાનિકર્તા હોય તે અપવાદ છે.

કોઠા–૧

| અ.ન. | શાળા નંબર | ભણતા વિદ્યાર્થીઓ | | | કામ કરતાં શિક્ષકો | | | મહેકમ પ્રમાણે જોઈતા શિક્ષકોની સંખ્યા | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | વધ | ઘટ | |
| | | | | | | | | | | |

કોઠા–૨

મહેકમ મુજબ ઘટના શિક્ષકોની કેટેગરી મુજબ સંખ્યા (મરાઠી માધ્યમ) દર્શાવતું પત્રક

| વિગત | અનુ.જાત | અનુ. જન જાતિ | સા. શૈ રીતે પછાત | બિન અનામત | શા.ખો.ખા. | અન્ય (વિધવા, ત્યકતા વિગેરે) | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પી.ટી.સી. સામાન્ય ભરતી | | | | | | | |
| પી.ટી.સી. બેકલોગ ભરતી | | | | | | | |
| કુલ | | | | | | | |

મુદ્દા નં.૫ સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધી વિદ્યાસહાયક ભરતી અંગેની નીચે દર્શાવેલા કોઠામાં માંગેલ વિસ્તૃત માહિતી વર્ષવાર ભરતીનો પ્રકાર અને વિવિધ કેટેગરી પ્રમાણે આપવા બાબત (ફકત મરઠી માધ્યમ).

**સને ૧૯૯૮ થી ૨૦૦૮ સુધીના વિદ્યાસહાયકોની ભરતી અંગેની વર્ષવાર માહિતી.**

| વર્ષ | વિગત | ભરતીનો પ્રકાર | અ.જા. | અનુ. જનજાત | સા.શૈ. રીતે પછાત | બિન અનામત | શા. ખો. ખા. | અન્ય (વિધવા, ત્યકતા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૮ | ૧.જાહેરાત મુજબ ખાલી જગ્યાઓ | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| | ૨.જાહેરાત મુજબ પ્રાપ્ત અરજીઓ | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| | ૩. જાહેરાત મુજબ આપેલ નિમણુંકો | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| | ૪. જાહેરાતના અનુસંધાનમાં ભરવાની બાકી રહેલી ખાલી જગ્યાઓ | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| | ૫. જાહેરાતના અનુસંધાનમાં બાકી રહેલ ખાલી જગ્યાઓ ભરવા માટે કરાયેલા પ્રયત્નોની સંખ્યા | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| ૧૯૯૯ થી ૨૦૦૮ | ઉપર મુજબ | સામાન્ય ભરતી | | | | | | | |
| | | બેકલોગ ભરતી | | | | | | | |
| | | | | | | | | | |

અરજદારને મુદ્દા નં.૫ ની માહિતી અંગે તમારા પત્રમાં જણાવ્યા મુજબ ફોર્મેટમાં માહિતી પૂરી પાડવામાં આવતી નથી. સને ૨૦૦૯ ની જાહેરાતમાં સામાન્ય ભરતી અને બેકલોગની માહિતી આપવામાં આવી છે .

ભારત સરકારના તા.૧૦ મી જુલાઈ ૨૦૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ જે સ્વરૂપમાં માહિતી હોય તે જ સ્વરૂપમાં માહિતી પૂરી પાડવા જણાવેલ છે. જેથી તમારા પત્રમાં જણાવ્યા મુજબના ફોર્મેટમાં માહિતી પૂરી પાડવાની રહેતી નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧થી ૫ ની માહિતી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ તથા તા.૧૯–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીની માહિતી જાહેર તી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવાપાત્ર થાય. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી મુદ્દા નં.૨ માં પ્રસ્તાવ કરેલ દફતરી તપાસણી અનુસાર અરજી હેઠળના સઘળા મુદ્દાઓ અંગે દફતરી તપાસણી કરી કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી ઈચ્છે તે નકલો મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી(ન.પ્રા.શિ.સ.)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગડમવાર દિપ્તેશ મનોહર ,